કાન્તિ ભટ્ટ

## શિક્ષણ ધ બેસ્ટ ઈન્વેસ્ટમેન્ટ

Youth!
If would be white if we
Compare it with color
Therefore, we could paint
Any color on it.
Hopes and passions of the youth
Could be expressed according
To their own colors
Because of the existence of such youth
We can expect continuing
Historical development and
Hopeful future of human beings

શિક્ષણ એ કોનો વિષય છે ? કેન્દ્ર સરકારનો કે રાજ્ય સરકારનો ? ઉપરની કવિતા ગુજરાતી માબાપને આશા આપે છે. આ યુવાશક્તિ પર મદાર રાખી શકો છો. તેનું મગજ, મસ્તક અંદરનું બંધારણ, વસ્ત્રો વગેરે તમામનો રંગ 'શ્વેત' છે. તેથી તમે ધારો તે રંગ તેને આપી શકો છો પરંતુ આજનો યુવાન સમજદાર છે, તેણે કયો રંગ ધારણ કરવો છે તે પોતે જ જાણે છે એટલે તેને પસંદ હોય તે જ રંગ આપો. તેના માથે તમારો મત થોપો નહીં. આ યુવાબળ છે તેથી જ આપણે કહી શકીએ છીએ કે હે ભારતમાતા તારી ભાવિ પેઢી ઉપર તું વિશ્વાસ રાખજે. આ યુવાશક્તિને ખબર છે કે આજનું અને હવે પછીનું જે અર્થતંત્ર છે એ નોલેજ બેઝડ છે. જ્ઞાન-શિક્ષણ લીધા વગર છૂટકો નથી. પ્રોફેસર આનંદકૃષ્ણન આઇઆઇટી કાનપુરના ચેરમેન છે. તેમના કહેવા પ્રમાણે ભારતમાં દરેક ક્ષેત્રમાં સારી શિક્ષણ સંસ્થાઓ છે, પણ તે પૂરતી નથી. તેથી દોઢ લાખ ભારતીય વિદ્યાર્થીઓ ૨૦૦૬માં અમેરિકા, ઓસ્ટ્રેલિયા,ઇંગ્લેન્ડ અને સિંગાપોરમાં ભણવા ગયેલા. ૧૯૪૨માં ગાંધીજીએ 'ક્વિટ ઇન્ડિયા' મુવમેન્ટ કરેલી. કાર્ટૂનિસ્ટ આર. કે. લક્ષ્મણે એક કાર્ટૂન ૨૧મી સદીમાં દોર્યું છે. 'ક્વિટ'-તેમાં ભારત છોડી પરદેશ જનારા વિદ્યાર્થીઓ માટે તેમણે 'ક્વિટ ઇન્ડિયા' જેવા કટાક્ષવાળા શબ્દ વાપર્યા છે. ભારતમાં કુલ ૩૫૭ યુનિ. છે. તેમાંથી ૨૦ યુનિ.ઓનું સ્ટાન્ડર્ડ ઊંચું છે. ભારતમાં વર્લ્ડ ક્લાસની તેર જેટલી ટેકનિકલ ઇન્સ્ટિટયૂટ છે. વડોદરામાં સયાજીરાવ ગાયકવાડે ભારત સ્વતંત્ર નહોતું ત્યારે ટેકનિકલ શિક્ષણ માટે કલાભવન સ્થાપેલું. ભારતમાં ૨૧૭ જેટલી સ્ટેટ યુનિ. છે. તેમાંથી ૩૦ ટકાનું સ્ટાન્ડર્ડ ઊંચું છે. ૧૦૨ જેટલી ડીમ્ડ યુનિ. છે, જે ખાનગી કે જાહેર હાથોમાં છે. આમાંથી માત્ર પચાસને જ 'ગણનાપાત્ર' કહી શકાય. ઉપરાંત ભારતમાં ૧૮,૦૦૦ કૉલેજો છે, જે સાયન્સ,એન્જિનિયરિંગ એગ્રિકલ્ચર, મેડિસિન, મેનેજમેન્ટ અને કોમર્સનું શિક્ષણ આપે છે. પ્રો. આનંદકૃષ્ણાન કહે છે કે ખાનગી હાથોમાં આવેલી કાલેજો ફુલેફાલે છે. છેલ્લાં ૧૦ વર્ષમાં પ્રોફેશનલ અને ટેકનિકલ શિક્ષણ મોટેભાગે ખાનગી હાથોમાં આવ્યું છે. એટલા માટે નહીં કે આવી કોઇ જરૂર હતી, પણ રાજ્ય સરકારોએ ઉચ્ચ કેળવણી માટે હાથ ધોઇ નાખ્યા છે.

ધનિક લોકોનાં બાળકો તો પરદેશ ભણવા જઇ શકે છે. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના ૨૦૦૫-૦૬ના આંકડા પ્રમાણે ભારતથી વિદેશ ભણવા ગયેલા સ્ટુડન્ટસ્ ૧.૦૬ અબજ ડૉલર એટલે કે વર્ષે રૂ. ૫૦૦૦ કરોડથી વધુ રકમ વિદેશી યુનિ.ઓને કમાવી આપે છે. શિક્ષણની ચિંતા કરનારા દેવેશ કપૂર અને પ્રતાપ ભાનુ મહેતા લખે છે કે વિદેશમાં ભારતના ૩.૫ અબજ ડૉલર શિક્ષણ માટે તણાઇ જાય છે.

મોટાભાગની પ્રેસ્ટિજિયસ સંસ્થાઓમાં નવા એડમિશનની સંખ્યા દેશમાં ઉચ્ચ શિક્ષણની માંગ સામે સાવ કંગાળ ગણાય. આઇઆઇટી માટે આપણે ખૂબ ગૌરવ લઇએ છીએ પણ તેમાં દર વર્ષે ફક્ત ૫૫૦ વિદ્યાર્થીઓને નવા પ્રવેશ મળે છે. આઇઆઇએમમાં ૧૨૦૦ને પ્રવેશ મળે છે. સેકન્ડ ટાયર નેશનલ એન્જિનિયરિંગ કૉલેજો અને નેશનલ ઇન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજીમાં ૧૧,૦૦૦ને પ્રવેશ મળે છે. મેં કેટલીય માતા-સંતાનોને પૂછ્યું તો જાણવા મળ્યું કે સંતાનોને એન્જિનિયરિંગની લાઇન લઇ પોતાનો ધંધો કરવો છે. આવી ડિમાન્ડને કારણે ૧૯૯૭-૯૮માં માત્ર ૫૬૨ એન્જિનિયરિંગ

કૉલેજો હતી તે ૨૦૦૬માં ૧૫૨૨ થઇ ગઇ છે છતાં તે પૂરતી નથી. આજે તમામ એન્જિનિયરિંગ કૉલેજોમાં ૫,૫૦,૯૮૬ વિદ્યાર્થીને એડમિશન મળે છે. આઇઆઇટીમાંથી એન્જિનિયરિંગ સ્ટુડન્ટ નીકળે છે તે માત્ર ૧ ટકા જેટલા છે. ઇરા પાંડે નામની શિક્ષણશાસ્ત્રી, જેણે 'બિયોન્ડ ડિગ્રીઝ' નામના પુસ્તકનું સંપાદન કર્યું છે, તે કહે છે કે ભારતની યુનિ.ઓ કે કૉલેજોને 'ટેમ્પલ ઑફ નોલેજ' કહેવાય છે, પરંતુ ભારતમાં આ બધી શિક્ષણ સંસ્થાની હાલત જોતાં તમે તેને ટેમ્પલ ઑફ ડૂમ કહી શકો ! ધર્મગુરુઓ કે કથાકારો, હવે માત્ર કથા કરવા કે મંદિરો બાંધવાને બદલે ગુજરાત-સૌરાષ્ટ્રમાં જ્ઞાનમંદિરો બાંધવાની ઝૂંબેશ કરો. રાજકારણીઓ રામમંદિરની ચિંતાને બદલે જ્ઞાનમંદિરની બરબાદી અટકાવીને તેની આબાદી વધારો.

જો સાચા જ્ઞાનમંદિરો બંધાશે તો યુવાનોને જીવવાની કળા આવડશે. 'આઇ બિલિવ' નામના પુસ્તકમાં જુલે રોમા નામના ફ્રેંચ ફિલસૂફે લખેલું કે ખરેખર તો બાળકોને નૈતિકતાના કડક પાઠને બદલે આર્ટ અફ લિવિંગ-જીવન જીવવાની કળા શીખવવી જોઇએ. શિક્ષણનું પ્રથમ ધ્યેય એ હોય કે તે બાળકને તેની જિંદગી અને સમાજને 'એન્જોય' કરતાં શીખવે. 'વ્હોટ લાઇફ શુડ મીન યુ' નામના પુસ્તકમાં ફિલસૂફ એડલરે બહુ સરસ વાત યાદ કરાવી છે. યુરોપના ઇતિહાસમાં જૂના સમયમાં માત્ર રાજકુમારો, રઇશો કે ખાનદાનોને જ શિક્ષણ મળતું. બાકીનાને ઘરે માતા પાસે કે કોઇ સદ્ગુરુ જીવનના પાઠો શીખવા પડતા. ટેકનોલોજી, તબીબીવિદ્યા અને બાયોટેકનોલોજી વગેરેનું શિક્ષણ માત્ર ધનિક લોકો જ લઇ શકતા.

જૂના ભાવનગર સ્ટેટમાં આપણા કવિ કાન્ત-મણીશંકર રત્નજી ભટ્ટ શિક્ષણ ઓફિસર હતા ત્યારથી તેમણે એક સૂત્ર ભાવનગર રાજ્યમાં પ્રચલિત કરેલું: સા વિદ્યા યા વિમુક્તયે. અર્થાત્ એ જ સાચું શિક્ષણ છે, જે માનવીને મુક્ત કરે, સાચો જીવનમાર્ગ ચીંધે, બાળકને આધ્યાત્મિક પણ બનાવે. ૨૧મી સદીમાં બાળકો, અને ખાસ તો માતાપિતા માટે સૂત્ર છે- એજ્યુકેટ ઓર પેરિશ. શિક્ષણ મેળવો નહીંતર નષ્ટ થઇ જશો. આજે માત્ર બી.એ કે બી.કૉમ કે સાયન્સની ડીગ્રીથી નહીં ચાલે. પછી આગળ પણ એમબીએ કે ટેકનોલોજી ભણવી પડશે. તમે શેરબજારના ખબરો વાંચતા હશો. તેજીમંદીમાં ઘણાના ઇન્વેસ્ટમેન્ટનો નાશ થઇ જાય છે. દેવાળુંય કાઢે છે. પરંતુ જો તમે તમારા બાળકોનાં શિક્ષણમાં ઇન્વેસ્ટમેન્ટ કરો તો સદાય તમારું બાળક તેજીમાં રહેશે. ભલે ડિગ્રી પછી બેકાર રહેશે, પણ તેની ડિગ્રી નાશ નહીં પામે. શિક્ષણના ઇન્વેસ્ટમેન્ટવાળો ઘોડો હણહણતો રહેશે. હું મહુવાની મનજી નથુ હાઇસ્કૂલમાંથી મેટ્રીક થયો. આ મનજી નથુ નામના ખોજા હાઇસ્કૂલ માટે દાન કરતા ગયા. તેમાં ભણેલા લોકો ખોજા વેપારીના ધંધાને કે તેની સફળતા-નિષ્ફળતાને યાદ નહીં કરે પણ તેની હાઇસ્કૂલને મરતાં સુધી યાદ કરશે. આથી, ઇન્વેસ્ટ ઇન યોર ચિલ્ડ્રન. દાનવીરો સ્કૂલો કે કૉલેજો ખોલે તો જ ખરું ઇન્વેસ્ટમેન્ટ ગણાય.

શિક્ષણનો વિષય નીકળ્યો છે ત્યારે આજે એક તદ્દન જુદી જ વાત કહેવી છે. લંડનના 'ગાર્ડિયન'ના મહિલા હેલ્થ એડિટર સેરા બોસલીએ લખ્યું છે કે બાળકોને બહારના શિક્ષણ કરતાં ઘરનું શિક્ષણ વધુ ઉપયોગી છે. તે તેને સ્કૂલ, કૉલેજ જ નહીં પણ જિંદગીમાં કામ લાગે છે. આજે 'ગરીબ'ભારત હોય કે અમેરિકા હોય પણ બાળક કે ટિનેજર સપ્તાહમાં ૮ કલાક ટીવી જુએ તે પણ સારું નથી. વળી ઘણાં બાળકો તો રોજના આઠ-આઠ કલાક ટીવી જુએ છે. ડાક્ટરો કહે છે કે હવે ત્રણ વર્ષનું બાળક પણ ટીવી જોવા માંડ્યું છે.